પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૫૩ | ૨૫ નવેમ્બર, ૨૦૧૯, સોમવાર; કારતક વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મહારાષ્ટ્રમાં પવાર પરિવારની પાવર ગેમ

**ફડનવીસની શપથવિધીને પડકારથી અરજી સુપ્રીમ કોર્ટમાં આજે ૧૦.૩૦ વાગ્યે વધુ સુનાવણી : દિવસ દરમિયાન ત્રણેય પક્ષોના ધારાસભ્યો અલગ-અલગ હોટલમાં ઉદ્ધવ ઠાકરે સાથે મુલાકાત કરી : અજીત પવારે ટ્વીટરના માધ્યમથી એનસીપીમાં જ હોવાની જાહેરાત કરી : સુપ્રીમ કોર્ટે રાજ્યપાલ-ભાજપ-કોંગ્રેસ-એનસીપી-શિવસેના અને અજીત પવારને નોટીસ પાઠવી જરૂરી દસ્તાવેજો રજૂ કરવા આદેશ**





નવી દિલ્હી, તા.૨૪

મહારાષ્ટ્રમાં છેલ્લા ૪૮ કલાકથી પવાર પરિવારના પાવર ગેમ ભારે રોમાંચક તબક્કામાં પહોંચી છે. રાતોરાત રાષ્ટ્રપતિ શાસન ઉઠાવી વહેલી સવારે સરકાર રચનાર દેવેન્દ્ર ફડનવીસ અને અજીત પવાર સામે વિશ્વાસનો મત જીતવાનો પડકાર વધુ ઘેરો બનતો જાય છે. એનસીપીના ૫૪ ધારાસભ્યોમાંથી શરદ પવાર પાસે ૫૦ ધારાસભ્યો હોવાનો દાવો કરાય છે ત્યારે અજીત પવારનું નાયબ મુખ્યમંત્રીપદ કેટલું અને કેવું ટકશે એ પ્રશ્નાર્થ છે. આ વિવાદની વચ્ચે અજીત પવારે એનસીપીમાં હોવાની જાહેરાત ટ્વીટરના માધ્યમથી કરી અને ઉમેર્યું હતું કે, શરદ પવાર મારા નેતા છે અને ભાજપ-એનસીપીની સરકાર પાંચ વર્ષ ચાલશે. જેના પ્રત્યુત્તરના એનસીપીના સુપ્રીમો શરદ પવારે ટ્વીટરના માધ્યમથી જણાવ્યું કે, એનસીપી ક્યારેય ભાજપ સાથે સરકારમાં જોડાય નહિ. આ બંને પવાર પરિવારના રાજનેતાઓથી મહારાષ્ટ્રનું રાજકારણ ગુંચવાયું છે. અજીત પવાર સાચા કે શરદ પવાર સાચા એ કદાચ આવનારા દિવસો કહેશે. પરંતુ સૌથી મોટો

● અનુસંધાન પાના - ૭ પર

## એનસીપીએ ૫૧ ધારાસભ્યોના સમર્થનની યાદી રાજભવનને સોંપી

મુંબઈ,તા.૨૪

મહારાષ્ટ્રમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ એકવાર ફરી ૫૧ ધારાસભ્યોનાં સમર્થનનો દાવો કર્યો છે. એક તરફ અજિત પવારને મનાવવાનાં પ્રયત્નો ચાલી રહ્યા છે તો બીજી તરફ એનસીપી ધારાસભ્ય દળનાં નેતા જયંત પાટીલ ૫૧ ધારાસભ્યોનાં હસ્તાક્ષરની ચિઠ્ઠી લઈને રાજભવન પહોંચ્યા છે. જયંત પાટીલે જણાવ્યું કે ધારાસભ્યોની યાદીમાં અજિત પવારનું નામ પણ સામેલ છે. જો કે તેના પર અજિત પવારની સહી નથી. જયંત પાટીલે કહ્યું કે તેઓ અજિત પવાર સાથે મુલાકાત કરીને તેમને મનાવવાનાં પ્રયત્નો કરશે.

## અજીત પવારે ભૂલ કરી છે, જો તેઓ ભૂલ સ્વીકારે તો તેમને માફ કરી શકાય છેઃ નવાબ મલિક


મુંબઈ,તા.૨૪

એનસીપીના પ્રવક્તા નવાબ મલિકે કહ્યુ કે અજીત પવારે ભૂલ કરી છે. જો તેઓ પોતાની ભૂલ માની લે છે તો તેમને માફ કરી શકાય છે. મલિકે દાવો કર્યો છે કે પાર્ટીના લાપતા ધારાસભ્ય સહિત તમામ ધારાસભ્ય અમારા સંપર્કમાં છે. શરદ પવારને મળવા પહોંચેલા નવાબ મલિકે કહ્યુ કે દેવેન્દ્ર ફડણવીસ સરકાર અલ્પમતમાં છે. તેઓ બહુમત સાબિત કરી શકશે નહીં.

## એનસીપી ધારાસભ્ય નીતિન પવાર ગુમ

મુંબઈ,તા.૨૪

મહારાષ્ટ્રમાં સત્તાના સમીકરણ વચ્ચે એનસીપીના કલવણ વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય નીતિન પવાર ગુમ થઈ ગયા છે. ધારાસભ્યના પુત્રએ નાસિકના પંચવટી પોલીસ સ્ટેશનમાં પિતા ગુમ થયા હોવાની ફરિયાદ પણ નોંધાવી છે. ધારાસભ્ય નીતિન પવાર ૨૩મી નવેમ્બરે સવારે સાડા છ વાગ્યાની આસપાસ મુંબઈ જવા રવાના થયા હતા જે બાદથી તેઓ ઘરે પરત નથી ફર્યા.



Ajit Pawar @AjitPawarSpeaks Follow

I am in the NCP and shall always be in the NCP and @PawarSpeaks Saheb is our leader.

Our BJP-NCP alliance shall provide a stable Government in Maharashtra for the next five years which will work sincerely for the welfare of the State and its people.

Sharad Pawar @PawarSpeaks Follow

There is no question of forming an alliance with @BJP4Maharashtra.
NCP has unanimously decided to ally with @ShivSena & @INCMaharashtra to form the government. Shri Ajit Pawar's statement is false and misleading in order to create confusion and false perception among the people.

## અજીત પવારને મનાવવા માટે પ્રયાસો વધુ તેજ બનાવાયા

### પવાર, ઉદ્ધવ ઠાકરે અને કોંગ્રેસી નેતાઓની બેઠક

મુંબઈ, તા. ૨૪

મહારાષ્ટ્રમાં જારી રાજકીય ખેંચતાળ વચ્ચે સુપ્રીમ કોર્ટમાંથી કોઈ રાહત ન મળ્યા બાદ હવે શિવસેના-એનસીપી અને કોંગ્રેસે પોતાના ધારાસભ્યોને વિભાજનથી બચાવવા માટેના તમામ પ્રયાસો શરૂ કરી દીધા છે. શિવસેના વડા ઉદ્ધવ ઠાકરે અને એનસીપીના વડા શરદ પવારે પણ બેઠક યોજી છે. એનસીપી ધારાસભ્યોને મળવા આદિત્ય ઠાકરે પણ પહોંચ્યા હતા. બીજી બાજુ અજીત પવારને મનાવવાના પ્રયાસો પણ તીવ્ર થઈ ગયા છે. બેઠકોના દોર ચાલી રહ્યા છે. શરદ પવારે પોતાના ધારાસભ્યો સાથે બેઠક યોજી છે. જેમાં તેમની પુત્રી સુપ્રિયા સુલે પણ શામેલ રહી છે. શિવસેનાના નેતા એકનાથ શિન્દે પણ હોટલ પહોંચ્યા હતા. ઉદ્ધવ ઠાકરે સાથે પણ બેઠકો યોજવામાં આવી છે. ધારાસભ્યોએ કહ્યું છે કે, અજીત પવારની સાથે સાથે તેઓ શરદ પવારની સાથે પણ છે. એનસીપીમાં પણ ખેંચતાણનો દોર ચાલી રહ્યો છે. બીજી બાજુ જયંત પાટીલ હાલમાં એનસીપીના પ્રદેશ અધ્યક્ષ છે. અજીત પવારની જગ્યાએ તેમની એનસીપી વિધાનસભા પક્ષના નેતા તરીકે પસંદગી કરવામાં આવી છે. બીજી બાજુ શિવસેનાના પ્રવક્તા સંજય રાવતે કહ્યું છે કે, પરિવારમાં વિખવાદ થતા રહે છે. અમે ટુકમાં જ અજીત પવારને મનાવી લેવામાં સફળ થઈ જઈશું. તે પહેલા મહારાષ્ટ્રમાં આજે સવારે હાઈવોલ્ટેજ ડ્રામાની સ્થિતિ રહી હતી. આંકડાઓને લઈને ગણતરીઓ ચાલી રહી છે.

## ન્યુઝ ટ્રેક

### અનિલ અંબાણી સહિત ચારના રાજીનામા નામંજૂર

તાજેતરમાં જ અનિલ અંબાણીની ટેલિકોમ કંપની રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (Rcom)ના નિર્દેશક પદ પરથી રાજીનામુ આપ્યું હતું. હવે રિલાયન્સ કોમ્યુનિકેશન્સના લેન્ડર્સે અનિલ અંબાણી તથા ચાર અન્યના રાજીનામાને નામંજૂર કર્યા છે. જોકે લેન્ડર્સે અંબાણીને દેવાળિયા અને ઋણશોધન પ્રક્રિયામાં સહયોગ કરવા માટે કહ્યું છે.

### દિલ્હી કોર્ટે ચંદા કોચરની બાયોપિક પર સ્ટે મૂક્યો

દિલ્હી કોર્ટે આઈસીઆઈસીઆઈ બેંકના ભૂતપૂર્વ સીઈઓ ચંદા કોચરના જીવન પર બનેલી ફિલ્મ પર સ્ટે લાગાવી દીધો છે. ચંદાએ પોતે જ ફિલ્મ રિલીઝ પર રોક લગાવવા માટે અપીલ કરી હતી.

### કોલંબિયામાં રાષ્ટ્રપતિ વિરુદ્ધ હિંસક પ્રદર્શન

બોગોટોમાં રાષ્ટ્રપતિ ઈવાન ડુક સામે લોકોમાં રોષ વ્યાપી ગયો છે, સરકારી નીતિઓથી ત્રાસી ગયેલી જનતા રસ્તાઓ પર આવી ગઈ છે, અનેક જગ્યાઓએ હિંસક અથડામણો થઈ છે, જેમાં ૩ લોકોનાં મોત થઈ ગયા છે.

# કોલકત્તા ડે-નાઈટ ટેસ્ટમાં ભારતની ભવ્ય જીત

**અંતિમ ટેસ્ટમાં બાંગ્લાદેશને એક ઈનિંગ ૪૬ રનથી હરાવી ભારતે ૨-૦થી સિરીઝ જીતી : પિન્ક બોલ સાથે રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ભારતે જોરદાર દેખાવ કરીને માત્ર ત્રીજા દિવસે જ મેચ જીતી લીધી : ઇશાંત શર્મા મેન ઓફ ધ મેચ અને સિરિઝ**






કોલકત્તા, તા. ૨૪

કેપ્ટન વિરાટ કોહલીના શાનદાર ૧૩૬ રન અને ઝડપી બોલરોના કમાલની મદદથી આજે ભારતીય ટીમે નવો ઈતિહાસ સર્જયો હતો. બાંગ્લાદેશને સિરિઝની બીજી ટેસ્ટમાં ત્રીજા દિવસે જ જીત મેળવી લીધી હતી. ભારતીય ટીમને માત્ર ઔપચારિકતા પૂર્ણ કરવાની જરૂર હતી. જે આજે પૂર્ણ કરી લેવામાં આવી હતી. ભારતે આ ટેસ્ટ મેચ એક ઈનિંગ્સ અને ૪૬ રને જીતી લીધી હતી. કોલકત્તાના ઐતિહાસિક મેદાન ખાતે રમાયેલી ટેસ્ટમાં ભારતીય ખેલાડીઓએ ભવ્ય દેખાવ કર્યો હતો. પિન્ક બોલ સાથે ડે નાઈટ ટેસ્ટ મેચ રમાઈ હતી. ભારતને ચાર વિકેટની જરૂર હતી. જે શરૂઆતી કલાકમાં જ ભારતીય બોલરોએ ઝડપી લીધી હતી. ત્રીજા દિવસે ઝડપી બોલર ઉમેશ યાદવે ત્રણ વિકેટ ઝડપી હતી. મહેમુદુલ્લાએ રિટાર્યડ હર્ટ હોવાના કારણે રમી શક્યો હતો. આવી રીતે બાગ્લાદેશની ટીમ ૪૧.૧ ઓવરમાં ૧૯૫ રન કરીને આઉટ થઈ ગઈ હતી. ભારતે બાગ્લાદેશની બીજી ઈનિગ્સને ૪૧.૧ ઓવરમાં ૧૯૫ રનમાં સમેટી લીધી હતી. પ્રથમ ઈનિગ્સમાં બાંગ્લાદેશની ટીમ ૧૦૬ રન કરીને આઉટ થઈ હતી. મેન ઓફ ધ મેચ અને સિરિઝ તરીકે ઈશાંત શર્માની પસંદગી કરવામાં આવી હતી. ઈશાંતે આ ટેસ્ટમાં કુલ નવ વિકેટ ઝડપી હતી.ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીએ પિંક બોલ સાથે ટેસ્ટ મેચમાં વધુ એક રેકોર્ડ પોતાના

● અનુસંધાન પાના - ૭ પર

## શ્રીનગરમાં નજરકેદ ૩૪ કાશ્મીરી નેતાઓ પાસેથી ૧૨ મોબાઈલ ફોન મળી આવ્યા

શ્રીનગર,તા.૨૪

જમ્મુ-કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ હટાવ્યા પછી નજરકેદમાં લેવાયેલા કાશ્મીરી ૩૪ નેતાઓ પાસેથી ૧૨ મોબાઈલ ફોન મળી આવ્યા છે. મોબાઈલ ફોનના ઉપયોગની સૂચના પર પોલીસ અને પ્રશાસને કાર્યવાહી કરી હતી. ઉલ્લેખનીય છે કે ગત રવિવારે ૩૪ કાશ્મીરી નેતાઓને સેન્ટૂર હોટલથી ખસેડીને એમએલએ હોસ્ટેલ ખાતે લાવવામાં આવ્યા હતા. આ દરમિયાન હોસ્ટેલને અસ્થાયી જેલ જાહેર કરવામાં આવી હતી. જે દરમિયાન મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ હતો.

સૂત્રો મુજબ પ્રસાસને સૂચના મળી હતી કે હોસ્ટેલમાં નજરકેદ નેતાઓ મોબાઈલ ફોનનો ઉપયોગ કરી રહ્યા છે. જેને ગંભીરતાથી લેતા પ્રશાસને ત્યાં તપાસ આદરી હતી. આ તપાસ દરમિયાન નેતાઓના રુમમાંથી ૧૨ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આ ફોન પૈકી સૌથી વધારે ફોન નેકાં સાથે જોડાયેલા નેતાઓ પાસેથી મળી આવ્યા હતા.

## મન કી બાતમાં મોદીએ મંદિર ચુકાદાનો ફરી ઉલ્લેખ સાથે શાંતિ જાળવી રાખવા બદલ દેશવાસીઓની પ્રશંસા કરી

નવી દિલ્હી,તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના ૫૯માં મન કી બાત કાર્યક્રમ એપિસોડમાં જુદા જુદા વિષય પર વાત કરી હતી. અયોધ્યા મામલે સુપ્રીમ કોર્ટના હાલમાં આવેલા ઐતિહાસિક ચુકાદાનો ઉલ્લેખ કરીને દેશવાસીઓને શાંતિ જાળવી રાખવા માટે દેશના લોકોની પ્રશંસા કરી હતી. સુપ્રીમ કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરીને મોદીએ કહ્યુ હતુ કે દેશવાસીઓએ આ ચુકાદા વેળા શાંતિ જાળવી રાખી હતી. ચુકાદા બાદ દેશના લોકોએ દેશહિતને સર્વોચ્ચ રાખીને શાંતિ જાળવી હતી. દેશના લોકોએ એકતાનો દાખલો બેસાડ્યો હતો. મોદીએ મન કી બાત કાર્યક્રમમાં એનસીસી દિવસ, આર્મ્ડ ફોર્સેસ ફ્લેગ દિવસ અને ફિટ ઈન્ડિયા મુવમેન્ટ જેવા કાર્યક્રમને લઈને તમામ

● અનુસંધાન પાના - ૭ પર

## મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કૈલાશચંદ્ર જોશીનું નિધન

ભોપાલ, તા.૨૪

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન કૈલાશ ચંદ્ર જોશીનું નિધન થયુ છે. કૈલાશ ચંદ્ર જોશીએ ભોપાલમાં અંતિમ શ્વાસ લીધા હતાં. ૧૪ જુલાઈ ૧૯૨૯માં જન્મેલા કૈલાશ જોશીએ ૧૯૭૭થી ૧૯૭૮ સુધી મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી. તેઓ આપાતકાળ દરમિયાન જેલમાં પણ ગયા હતા.




Intraday Free Brokerage
In CASH - F & O - OPTION With 50 Times Limit
Free D'met Account With "O" Balance Bank A/c
Call 99747 03401

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

